સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સત્ય-ત્યાગનો પક્ષ ટોકળીમાં જૂથાઈ ગયો!
ભાઈ-ભત્રીજાના વંશ-વારસામાં ચૂંથાઈ ગયો!
પૂરાઈ ગયો ઈમેજ કારાવાસની કોટડીમાં -
સત્યા મળ્યા પછી કોંગી ખાયકીમાં ગૂંથાઈ ગયો!

હાઈકુ

નેતૃત્વ વિના -
થઈ વેરવિખેર -
કોંગ્રેસ સેના...

અશ્વો બેકાબૂ
દોડે દિશાવિહીન -
લગામ વિના...

(કોંગ્રેસ પક્ષ એન કાર્યકરોની પરિસ્થિતિ)

ચિંતન

ન વાઉમાં વૃજ ને વારયન્તે ન પર્વતાસો યદહં મનસ્યે ।
મમ સ્વનાત્કૃધુકર્ણો ભયાત્ એવેદનું ધૂન્કિરણઃ સમેજાત ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

હે મનુષ્યો !! તમારી આત્મવિશ્વાસની શક્તિ ખૂબ જ પ્રબળ છે. તમારા નિશ્ચયને કોઈ ડગાવી શકે નહિ. જ્યારે મોટા પર્વત જેવડા અવરોધો પણ તમારો રસ્તો રોકી શકે તેમ નથી ત્યારે સામાન્ય વિઘ્નોની તો શી વિસાત? હે મનુષ્યો! તમે સૂર્ય કરતાંયે વધારે બળવાન છો.

બુદ્ધિ દ્વારા તો માત્ર પોતાનું અથવા બીજા થોડાક મનુષ્યોનું ભલું કરવા માટેનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ આત્મબળની પ્રચંડ શક્તિ દ્વારા એવી પ્રખરતા પ્રાપ્ત કરી શકાય છે કે જેના દ્વારા માત્ર આપણું જ નહિ પરંતુ સમગ્ર સંસારનું ઉત્થાન કરવાનું શક્ય બને છે. સાધનોથી પૂર્ણ મનુષ્યમાં જો આત્મબળનો અભાવ હશે તો તે સુખ ભોગવી શકશે નહિ, પરંતુ આત્મબળ વાળો મનુષ્ય આ જીવનમાં જ સ્વર્ગમુક્તિનો પરમ આનંદ પ્રાપ્ત કરી લે છે અને પરમાત્માની સાથે એકરસતા સ્થાપીને નિરંતર જીવનનાસાચા લક્ષ્ય તરફ આગળ વધતો રહે છે.

સુવિચાર

- જે કરવા યોગ્ય છે, તે તો પ્રાણ કંઠે આવ્યા હોય તો પણ કરવુંજ જોઈએ, અને જે કરવા યોગ્ય નથી તે પ્રાણ કંઠે આવ્યા હોયતો પણ ન જ કરવું જોઈએ - **અનમોલ સુભાષિત**
- અગ્નિ સોનાને પારખે છે અને આપત્તિ સાહસિકોને - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારા ઉદ્દેશો ભવ્ય રાખો, પછી તમે નિષ્ફળ જશો તો પણ તમારી કીર્તિ ક્યારેય ઝાંખી નહીં પડે - **તિરવલ્લુવર**
- શ્રદ્ધાથી જીવનમાં બહુ મોટો ફરક પડે છે, જ્યાં આગ વરસતી હોય ત્યાં બરફ પડે છે - **હરીશ પારેખ**
- જો બાત દવા સે નહીં હોતી, વો દુઆ સે હોતી હૈ, મિલ જાયે સચ્ચે ગુરુ તો બાત ખુદા સે હોતી હૈ - **શ્રીધર કાનેટકર**
- પુરુષાર્થના પાત્રમાં કૃપા નિવાસ કરે છે, પુરુષાર્થમાં અભ્યાસ હોય, પુરુષાર્થ સહજ હોય અને પુરુષાર્થ પ્રસન્નતાથી કરો - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ચંદનનું લાકડું પંદર મિનિટ પાણીમાં ઉકાળી તે પાણી ઠંડુ પડે પછી સવાર-સાંજ એક એક વાટકી પીવાથી બહેનોને શ્વેતપ્રદરમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

યુદ્ધમાં મેળવેલા વિજયને કારણે સમ્રાટ અશોકનો ખજાનો સંપત્તિથી છલોછલ થઈ ગયો હતો. તેણે સાત દિવસ સુધી રોજ નગરના દરેક બ્રાહ્મણને કંઈક ને કંઈક દાન આપવાનું નક્કી કર્યું.

નગરના બધા બ્રાહ્મણો દાન લેવા માટે આવ્યા પણ એક ગરીબ બ્રાહ્મણ દાન લેવા આવ્યો નહીં. તેને દાનની જરૂર હતી. પરંતુ તે દાન લેવા આવ્યો નહીં. સમ્રાટ અશોકને તેને તેડાવી પૂછ્યું, 'સૌ દાન લેવા આવ્યા આપ કેમ ન પધાર્યા?'

ગરીબ બ્રાહ્મણે કહ્યું, 'સમ્રાટ તમે કયા દાન કર્યું છે?'તમે દાન કરો તો હું જરૂર લેવા આવું. દાન તો એનું જ થઈ શકે કે જે સંપત્તિ મેળવવા માટે તમે જાતે પરસેવો પાડ્યો હોય. તમે જે વહેંચ્યું તે દાન નથી એ તો રાજયની સંપત્તિ છે. પ્રજાનો ખજાનો છે. એમાંથી તમે આપો એ દાન ન કહેવાય. તમે જાયે પરસેવો પાડીને મેળવેલ ધનનું દાન કરો તો સાચા દાનેશ્વરી ગણાવો.'

સમ્રાટ અશોકની આંખ ખૂલી. તેમણે જાતે પંદર દિવસ સુધી તડકામાં નહેર ખોદવાની મહેનત કરી પાંચ સોના મહોર મેળવી. એ સોનામહોર લઈને એ સમ્રાટ અશોક સામે ચાલીને પેલા બ્રાહ્મણને આપવા ગયા. બ્રાહ્મણે એ સોનામહોર સ્વીકારી. ખુશ થયો અને આશીર્વાદ આપ્યા.

હાઉડી ઈવેન્ટ - વિશ્વને નવા સંકેત

તંત્રીસ્થાનેથી...

અમેરિકાના ટેકસાસ સ્ટેટમાં ભારતીય અમેરિકાનોના વિશાળ સમુદાય સમક્ષ ભારતના વડાપ્રધાનનું ઐતિહાસિક ભાષણ અમેરિકા અને ભારત બેઉ મોટી લોકશાહીઓ માટે એક માઈલસ્ટોન ઘટના છે. એમાં ભારતના વડાપ્રધાનની અંગત પ્રશસ્તિ અલબત્ત, કેન્દ્ર સ્થાને હતી પરંતુ સાથે જ બે મહાન રાષ્ટ્રોની વચ્ચે અત્યાર લગી ક્યારેય નહોતી સ્થપાઈ એવી નિકટતા પણ ઊડીને આંખે વળગતી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે હ્યુસ્ટન ખાતે મારા 'મિત્ર'ને મળવા જઈ રહ્યો છું એવી અનૌપચારિક ભાષા વાપરીને વડાપ્રધાન મોદી પ્રત્યે અપાર સ્નેહાદર દર્શાવ્યો તો વળી મોદીએ 'ટ્રમ્પ સરકાર ફિર એક બાર' વાળું સૂત્ર ઉચ્ચારીને વર્તમાન અમેરિકા રાષ્ટ્રપ્રમુખને આગામી ચૂંટણી વેળાએ ભારતીય સમુદાયના સમર્થનનો સંકેત પણ આપી દીધો. સભામાં રિપબ્લિકન સેનેટરો સાથે ડેમોક્રેટ સેનેટરો પણ હાજર રહ્યા હતા તે માત્ર મોદી તરફના નિરપેક્ષ પ્રેમ ખાતર નહીં, વિવેક ખાતર પણ નહીં - પરંતુ પ્રચંડ શક્તિ ધરાવતા ભારતીય સમુદાયની વોંટબેક અંકે કરવાના આશયથી જ. મોદી હવે ભારતીય સરહદો ઓળંગી વિશ્વચોકમાં કેન્દ્ર સ્થાને પહોંચી ગયેલા જનનાયક છે. ભારતની ઊર્જાને અમેરિકા સહિત સમગ્ર વિશ્વ ઓળખી ચૂક્યું છે. એનું વિશાળ બજાર ટ્રમ્પ જેવા વેપારી નેતાના મોંમાં લાળ પેદા ન કરે તો જ નવાઈ. મોદીના જિન્સ પણ મૂળે તો નાના વેપારીનાં જ છે. ઉત્તર ગુજરાતના ઘાંચી (મોદી) સમાજને નાની મોટી હાટડીઓ માંડીને ગુજરાન ચલાવવું પડતું એ એમણે નરી આંખે જોયું છે. વળી એમને પોતાની નજર સામે જ ધીરુભાઈ અંબાણી અને એમનાં પરિવારને તથા અદાણી પરિવારને નાનામાંથી મોટો થતો જોયો છે. ટ્રમ્પ અમેરિકન પ્રોડક્ટ્સ ભારતમાં વેંચવા માગે છે. જેમાં ડિફેન્સની મોંઘામૂલી આઈટમો પણ આવી જાય છે. ટ્રમ્પ અમેરિકાના ગોરા મધ્યમ વર્ગના પ્રતિનિધિ છે એમ મોદી ભારતના મધ્યમ વર્ગના પ્રતિનિધિ છે. બેઉ ઈસ્લામિક આતંકવાદના કટ્ટર વિરોધી છે. મોદી હ્યુસ્ટનની એ ભવ્ય સભામાં ૯/૧૧ અને ૨૬/૧૧ની દુર્ઘટનાઓના દોષિતોની જન્મ અને કરમકુંડળી વાંચી પાકિસ્તાનની આબરૂના લીરા ઉડાડી શકે છે. ટ્રમ્પ એમના પુરોગામી પ્રેસિડેન્ટ બરાક ઓબામા કરતાં હિંદુત્વવાદી મોદીને વધુ અનુકૂળ છે. 'બરાક, માય ફ્રેન્ડ' કહી મોદી ઓબામાને પણ વળગી પડતા હતા, પણ આખરે એ જ ઓબામાના શાસનકાળમાં મોદી માટે અમેરિકામાં પ્રવેશ બંધી હતી તે થોડી ભૂલી શકે? વળી ઓબામા મૂળે તો મુસ્લિમ પિતાનું ફરજંદ હતા! 'હાઉડી મોદી' ઈવેન્ટ પછીના પડઘા અમેરિકા અને ભારત વચ્ચેના વ્યાપારી કરારોમાં અને વૈશ્વિક સ્તરે સાથે રહી ભારતને ૫ ટ્રિલિયનની ઈકોનોમી બનાવવાના મોદીના રળિયામણા સ્વપ્નમાં સાકાર થાય એવી શુભેચ્છા.

આજની પેઢી પરિશ્રમનો મહિમા સમજશે ત્યારે જીવનમાં અજવાળા રેલાશે

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'અરે મેં હું ના, બારહમાસી મજદુર, મેં હી ઈસે લીફ્ટમેં નીચે લે જાકર, કલ યા પરસો, સુબહ સુબહ, અપને ઘર સે થોડે દૂર જહાં રાસ્તે કા નિર્માણ હો રહા હૈ વહાં ડાલ આઉંગા...' હસતા હસતા પિયુષે કહ્યું... ને ભૂતકાળમાં કહેલા આવા સ્વાભાવિક પરિશ્રમના કેટલાક કિસ્સાઓમાં પણ કહ્યા, જે સાંભળીને આવો પરિશ્રમી ને કરકસરમા માનનારો જમાઈ મળ્યાનો આનંદ ને ગૌરવ એના સાસુ-સસરાને અનુભવ્યા.

અત્યારે સામાન્ય રીતે એવું જોવા મળે છે કે લોકો એમાંયે જિંદગીના બીજા-ત્રીજા દાયકામાં જીવી રહેલા યુવાનો પરિશ્રમ કરવાનું પસંદ નથી કરતા, એ લોકો આવા કામો પૈસા આપીને કરાવી લે છે, એમની માનસિકતા એમને મુબારક પણ પરિણામે સમાજજીવનમાં સ્વ પુરુષાર્થ કે સ્વ. પરિશ્રમનું મહત્વ ઘટતું જતું દેખાય છે. અવલોકન છે, બધા આવા જ હોય એવું માનવાને કારણ નથી અને એ વાતની પ્રતીતિ પરિવારજનોને પિયુષે કરાવી હતી.

મા રેવા એટલે કે નર્મદાનો પ્રાર્દુભાવ જયાંથી થયો, એ ભૂમિ મધ્યપ્રદેશ અને વિશ્વ પ્રસિદ્ધ ભેડાઘાટની નિકટ આવેલા જબલપુર શહેરમાં એનો જન્મ અને ઉછેર થયો. એની ઉંમર માંડ ત્રણ-ચાર વર્ષની હશે. એક બિમારીએ એના પિતાનો ભોગ લીધો. મમ્મીએ ખાનગી કૉલેજમાં લેકચરર તરીકે નોકરી કરતા કરતા સખ્ત પરિશ્રમ કરીને મોટી બહેનને અને પિયુષનો ઉછેર કર્યો. પિયુષે સારી કૉલેજમાંથી એન્જિનિયરિંગની ડીગ્રી મેળવી.

આગળની કારકિર્દીના ઘડતર માટે કહો કે આરંભ માટે કહો, એ ઈન્દોર એક ખાનગી કંપનીમાં કામ અર્થે જોડ્યો. ઈન્દોર શહેરમાં મિત્રો સથે રૂમ શૅર કરીને રહેતા રહેતા વ્યક્તિ ઘડતરના પાઠ શીખવવા માંડ્યો. મમ્મીએ જે રીતે અનેક સંઘર્ષો સામે લડીને પોતાને ભણાવ્યો હતો એ બધ્ધું જ એની નજર સામે હતું એટલે બિનજરૂરી એક પણ રૂપિયો કયાંયે વાપરવો નહિ, પોતાના કામ જાતે કરવા, એમાં કપડાં ધોવા, કચરા પોતા કરવા, રસોઈ બનાવવી પણ આવી જાય ! એમ એ સ્વયં અનુશાસનથી ટેવાઈ ગયો.

આમ એક વર્ષ પસાર થયું અને ઈન્દોરથી દિલ્હી જવાનું આવ્યું એ દિવસોનું સ્મરણ કરતા તેણે કહેલી વાતનો સાર એ હતો કે ઈન્દોર રેલવે સ્ટેશન તો એના મિત્રોએ એનો સામાન ટ્રેનમાં ચડાવી આપવામાં મદદ કરી. બધાને પ્રેમપૂર્વક આવજો કહીને એ રવાના થયો. ટ્રેન જયારે દિલ્હી પહોંચી ત્યએ ચિંતા હતી... કારણ કે એકલા પિયુષ પાસે કુલ મળીને ૬ દાગીના હતા. બહાર પ્લેટફોર્મ પર મુકે તો સામાનનું ધ્યાન કોણ રાખે? જેમ તેમ કરીને, સાથી મુસાફરને વિનંતી કરીને એ પ્લેટફોર્મ પર ઊભો રહ્યો - કુલીને પૂછ્યું તો કોઈ કુલી ૨૫૦ રૂપિયાથી ઓછી રકમમાં આવવા તૈયાર નહીં. દિલ્હી જેવા મહાનગરમાં પગ મૂકતા જ પૈસા આમ વાપરવા તે યોગ્ય છે કે નહીં? પાંચ મિનિટ વિચાર કર્યો અને પછી કહે કે, 'મેં હી કુલી બન ગયા.... અપના સામાન, અપને કંધે મે લે લીયા, માથે પે ભી લીયા, હાથો મેં લીયા - ઔર સારે કે સારે ૬ લગેજ લેકર મેં હી દાદર ચઢકર - ઉતરકર - ટેક્સી તક પહુંચા... મુશ્કીલ કામ થા મગર પૈસા બચાને થે !'

આમ એણે દિલ્હીમાં સેટલ થઈને કરકસર સાથે પોતાની કેરિયરને ગતિ આપી... ત્યાંથી મુંબઈ ગયો તો પણ એ જ લાઈફ સ્ટાઈલ... આજે પણ એ મોંઘા અને બ્રાન્ડેડ વસ્ત્રો કે પરફ્યુમ વાપરે પણ જરૂર હોય ત્યારે જ ખરીદે. બજારમાં ગયા તો એટલે ખરીદવા આવ્યા કે સેલ હતું એટલે લેતા આવ્યા એમ નહિ !!!

આજની પેઢીમાં પરિશ્રમનો મહિમા સમજાય, તેઓ પોતે કમાયેલા પૈસા વેડફે નહિ, યોગ્ય બચત કરે, બચતને યોગ્ય રીતે ઈન્વેસ્ટ કરે, ખુબ હરે-ફરે, પ્રવાસ કરે એ બધી વાતો ને આ યુવાને પોતાના જીવનમાં અત્યાર સુધી આત્મસાત કરે છે.

સમગ્ર વિશ્વમાં જયારે આર્થિક ક્ષેત્રની ચિંતા છે, એવા સમયે જરૂર હોય ત્યાં વાપરવા પણ આંધળી ખરીદી ના કરવી, જાતે પરિશ્રમ કરીને શક્ય તેટલા પૈસા બચાવવા, કરકસર કરીને બચત કરવી, એ પૈસા પોતાના આનંદ માટે વાપરવા... આવા આવા વિચારો સાથેના વ્યક્તિત્વો જોવા મળે ત્યારે પરિશ્રમના દીવડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.

આપકી પેસ્ટ મેં નમક હૈં? એમ પૂછવા કરતા પૂછો કે આપ કે પાની મેં ફ્લોરાઈડ હૈ??

વિચારયાત્રા

ડો. જય ઓઝા

હમણાં થોડા સમય પહેલા જ જોર્ડન પેલે નામક દિગ્દર્શકની માર્ચ ૨૦૧૯માં જ આવેલી **'US'** નામની હોરર હોલિવુડ ફિલ્મ જોઈ.અફલાતૂન ફિલ્મ છે,અલગ જ વિષય છે. ફિલ્મની કથામાં નથી પડવું કારણકે કથાનક અને તેની વિશદતાઓની ચર્ચામાં આખો લેખ પણ ઓછો પડે તેમ છે. ફિલ્મ વિશે ફરી કોઈવાર વાત. આજે વાત કરવી છે, ફિલ્મમાં સભાનતાપૂર્વક અછડતો ઉલ્લેખ કરેલ મહત્ત્વના મુદ્દા વિશે.

ફિલ્મમાં વાતમાંથી વાતમાં એક ચર્ચા મૂકવામાં આવી છે કે, યુ.એસ. ગવર્મેન્ટ જાણી જોઈને પેક્ડ/બોટલ્ડ પાણીમાં ફ્લોરાઈડની નિયત માત્રા કરતા વધુ ઉમેરણ કરે છે, અને કારણ એવુ આપવામાં આવે છે કે આનાથી વ્યક્તિનાં દાંત વધુ સમય સુધી સારા રહે છે. જે ખરેખર અર્ધસત્ય જ છે.

આ સંવાદ મને આ વિષય પર વધુ જાણવા પ્રેરીત કરી ગયો.

૧૯૮૭ માં, ઇયાન ઇ. સ્ટીફન્સે એક સ્વ-પ્રકાશિત પુસ્તિકા લખી, તેમાં તેણે દાવો કર્યો હતો કે તેમને 'ચાર્લ્સ ઈલિયટ પર્કીન્સ' દ્વારા કહેવામાં આવ્યું હતું કે: 'અનિયમિત માત્રામાં ફ્લોરાઇડનો વારંવાર ડોઝ મગજના ચોક્કસ ક્ષેત્રમાં ધીમે ધીમે ઝેર અને નાર્કોટાઇઝ કરીને આધિપત્યની પ્રતિકાર કરવાની વ્યક્તિની શક્તિને ઘટાડશે અને આમ તેને શાસન કરવા માંગતા લોકોની ઇચ્છાને આધીન બનાવશે ... જર્મન અને રશિયા આ બંને દેશ યુદ્ધ કેદીઓના પીવાના પાણીમાં સોડિયમ ફ્લોરાઇડ ઉમેરતા જેથી તેમને મૂર્ખ બનાવી શકાય.' આ નિવેદનોને પ્રતિષ્ઠિત હોલોકોસ્ટ ઈતિહાસકારોએ અસત્ય ગણાવી દીધા છે, પરંતુ આ પ્રકાશનો વેબસાઈટ્સમાં આજકાલ નિયમિતપણે પુનરાવર્તિત થાય છે.

૨૦૦૪ માં, યુ.એસ.ના ટેલિવિઝન પ્રોગ્રામ ડેમોક્રેસી નાઉ પર, ધ ફ્લોરાઇડ ડિસેપ્શન પુસ્તકના લેખક ક્રિસ્ટોફર બ્રાયસને દાવો કર્યો હતો કે, ×પીવાના પાણીને ફ્લોરાઇડ કરવા માટે યુદ્ધ પછીનું અભિયાન, જાહેર હિતો માટે ઓછું અને જાહેર આરોગ્ય સંશોધન માટે વધું હતું.

પાણીનું ફ્લોરીડેશન મહાષડયંત્રનો વિષય રહ્યો છે. ૧૯૪૦ અને ૧૯૫૦ ના દાયકાના અંતમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં 'રેડ સ્કેર' દરમિયાન અને ૧૯૬૦ ના દાયકામાં થોડી હદ સુધી, અમેરિકન રાજકારણથી ખૂબ જ દૂરના કાર્યકરોએ નિયમિતપણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ફ્લોરીડેશન એ સામ્યવાદી શાસન લાદવાના કાવતરાના ભાગરૂપે છે. આ વિરોધીઓ માનતા હતા કે તે 'રાષ્ટ્રપતિ ટ્રુમનની દવાઓ સામાજીકરણ કરવાની ઝુંબેશનું બીજું પાસું છે.' તેઓએ અન્ય જાહેર આરોગ્ય કાર્યક્રમો, ખાસ કરીને સામૂહિક રસીકરણ અને માનસિક આરોગ્ય સેવાઓનો પણ વિરોધ કર્યો હતો. તાજેતરના વર્ષોમાં થયેલા ઘણા મોટા સામાજિક અને રાજકીય ફેરફારોના વિરોધ દ્વારા તેમના મંતવ્યો પ્રભાવિત થયા હતા.

ખરુ કહેવાય નહિ? આટલો મોટો પેચીદો મુદ્દો છે પણ આપણને ખબર સુદ્ધા નથી. પાણીમાં એવા કોઈ તત્વો મેળવવામાં આવતા હોય અને તેનાથી માણસની માનસિક ક્ષમતા ધીમે ધીમે ક્ષીણ થતી જતી હોય તે વાત જ કેટલી ભયાવહ છે?

માણસની માણસ ઉપર રાજ કરવાની લાલસાએ તેને કઈ કક્ષામાં લાવીને મૂકી દીધો છે! હિટલર, મુસોલિની તો આમ જ બદનામ છે, વાસ્તવમાં હવેનો સમય રાજાશાહિનો રહ્યો નથી, સામંતશાહિનો છે. વિશ્વભરના નેતાઓ, અર્થસત્તાઓ, મહાસત્તાઓ માત્ર ને માત્ર ગણ્યા ગાઠ્યા શાહુકારો માટે જ અભાનપણે કાર્યરત છે. કોઈ શેઠને,કંપનીના માલિકને કે ઉપરીને પસંદ નથી કે આપણે આમ જનતા,મેંગો પીપલ કોઈ અન્યાય માટે અવાજ ઉઠાવીએ, ધરણા કરીએ, સિસ્ટમ વિરુદ્ધ ષડયંત્ર રચીએ. એમને મન તો આપણી નિયતિ માત્ર ચૂપચાપ ઠેબા ખાવા અને સિસ્ટમને અનુસરવા માટે જ થઈ છે. માનવાધિકાર મંડળ,કે લોકાયુક્ત જેવી નાટક સંસ્થાઓ તો માત્ર આપણને રમાડવા માટે જ છે.

પેલું શું હતું? લોકો દ્વારા,લોકો માટે, ...હા...હા..હા... **what an irony...**

વાસ્તવમાં લોકોને તો એવી એવી પળોજણોમાં પરોવી રાખવામાં આવે છે કે તે ક્યારેય આવા જટિલ પ્રશ્નો વિશે તો વિચારી પણ ન શકે. (મને ખબર છે તમે પરોવી રાખવાવાળી વાત આવી ત્યારે શું વિચાર્યું હતું...**PUC**/હેલ્મેટ..)

હવે રહી વાત આપણાં દેશમાં પાણીમાં ફ્લોરાઈડનો ઓવરડોઝ નખાય છે કે નહી? તો જવાબ છે, ના. ભારતમાં જળ ફ્લોરાઈડેશનનું પાલન કરવામાં આવતું નથી. ભારતમાં પીવાના પાણીમાં ફ્લોરાઈડની મહત્તમ અનુમતિ મર્યાદા ૧.૨ મિલિગ્રામ / એલ છે, અને ઔદ્યોગિક કચરો અને ખનિજ થાપણોમાંથી ફ્લોરાઈડના સ્તરને ઘટાડવા માટે સરકારને વિવિધ તકનીકોના ફ્લોરાઈડ દૂર કરવાના પ્લાન્ટ લગાવવાની ફરજ પડી છે. હવે રિવર્સ ઓસ્મોસિસ છોડનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. કેરળમાં એલેપ્પી વધારે ફ્લોરીડેટેડ પાણીથી સૌથી વધુ અસરગ્રસ્ત છે. સરકાર દ્વારા સ્થાપિત વિપરીત ઓસ્મોસિસ પ્લાન્ટ્સ મફત ફિલ્ટર કરેલ પાણી પૂરો પાડે છે. રોટરી ઈન્ટરનેશનલ ક્લબ, સારાટોગા યુએસએ દ્વારા ગ્રામીણ એલેપ્પીમાં ૩ આરઓ પ્લાન્ટ સ્થાપિત કરવામાં મદદ કરી છે.

ઈન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિસર્ચએ ફ્લોરોસિસ પર રોકવા અને નિયંત્રણથી સંબંધિત મુદ્દાઓને ધ્યાનમાં લેવા એક ટાસ્ક ફોર્સની રચના કરી છે.

આપણે ત્યાં માનવ મસ્તિષ્કને નિયંત્રિત કરવા માટે કોઈ રાસાયણિક દ્રવ્યની આવશ્યકતા જ નથી, આપણે તો એમ જ ધર્માંધતામાં, અંધશ્રધ્ધામાં, વ્યક્તિ પૂજામાં, ઘરનાં બે છેડા ભેગા કરવાના ચક્કરમાં, ઝાઝુ વિચાર્યા વગર માત્ર ક્ષણિક લાભ જોઈને દૂરનું શુભ જતુ કરવામાં વગેરે વગેરે વગેરે ઘણા બધા ક્ષુલ્લક કાર્યોમાં આપમેળે જ કોકનાં નિયંત્રણથી ચાલતા હોઈએ છીએ.

જ્યારે જ્યારે કોઈ ચળવળ કે જુવાળ ઊભો થાય છે, ત્યારે આશાનું એક કિરણ પ્રગટતુ જોવા મળે છે,પણ એ જુવાળ સોડા બોટલના પરપોટાની જેમ ક્ષણભરમાં બેસી જાય છે. **ALL is Well** ની ધૂન જપે રાખતા આપણે સહું ખરેખર તો ઘણુ બધુ વિચારવા માગતા જ નથી.

જબ તક સૂરજ ચાંદ રહેગા....હમ સબ ઐસે હિ રહેંગે... આપણને કોઈની ગુલામી કરવાનો વાંધો નથી, આપણે જાતે જ બોસની માનસિકતાને અનુકુળ થઈને આપણી માનસિક ક્ષમતા ઓછી કરી નાખીએ છીએ. આપણે જાણીએ છીએ બધું પણ અજાણ્યા હોવાનો ડોળ કરીએ છીએ. કારણ કે આપણા કહેવાતા અસ્તિત્વને રક્ષવા માટે આપણે આપણાથી ઓછી બુદ્ધિક્ષમતા ધરાવતાં પણ માત્ર ઊપરી હોવાના કારણે તેને તાબે થઈ જઈએ છીએ.

આપણે પરિસ્થિતિઓથી એટલા બધા ગૂંચવાઈ ગયા છીએ કે, જૂઠને જૂઠ તરીકે ઓળખ્યાં પછી પણ બીજાના દોરવાયા જૂઠને પણ સાચાનો અંચળો ઓઢાડી દઈને વિપરિત અનુચિત વાતોને પણ તટસ્થ રીતે મૂલ્યાંકન કરવાનો ડોળ કરીએ છીએ.

હં હં... આના કરતા તો આપણે ત્યાં પણ પાણીમાં ફ્લોરાઈડનું પ્રમાણ વધારીને આપણને પીવરાવવામાં આવે તો સારુ,મગજનું જે થવું હોય તે થાય દાંત તો મજબૂત થશે! અને રખેને ક્યારેક કોઈક અન્યાય જોઈએ ત્યારે એ મજબૂત દાંત કચકચાવીને...બે તૈણ હંભળાવી દઈએ ખરુ કે નહીં... બાપુલિયા...

સ્પષ્ટીકરણ-ગત સપ્તાહે અવતરિત કવિતા 'ધીમુ મોત' ના કવિ પાબ્લો નેરુદા નહી પરંતુ બ્રાઝિલની કવયિત્રી માર્થા મેરિડોસ ની **'You Start Dying Slowly'** નો અનુવાદ હતો.

- jayuoza@gmail.com, Mo.9898046488

'ગુર્જર' શબ્દ પહેલ વહેલો છઠ્ઠી સદીમાં આવ્યો

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સોલંકી વંશના રાજવીઓ અર્વાચીન ગુજરાતના શરૂઆતના સમયમાં ગુજરાતના વિકાસના તબક્કામાં કેન્દ્ર સ્થાને રહ્યા છે. ગુજરાતના ઈતિહાસના વિવિધ પાસાઓ તપાસતા સોલંકી વંશના આદ્યસ્થાપક મૂલરાજદેવનો સમયગાળો સૌથી અગત્યનો જણાય છે. એ સમય અલગ અલગ રાજાઓના વિવિધ રજવાડા અને એમની સરહદો જુદી જુદી હતી. આ અનેક રાજાઓના રજવાડાઓમાં મુળભૂત કેટલીક સમાનતા હતી. તેમાં સૌથી અગત્યની બાબત એ હતી કે, આ બધા રાજાઓ ક્ષત્રિય જાતીના વંશજ હતા. એમણે ઈસવીસન ૫૫૦થી ૭૦૦ વચ્ચે ગુર્જર દેશમાં રાજ કર્યું. આબુ પર્વતને આ પ્રદેશની ધરીરૂપ ગણાવામાં આવે છે.

એ વખતના ગુર્જર પ્રદેશના રાજવીઓ વચ્ચે વ્યવહારિક, વ્યાપારિક તેમ જ લશ્કરી સમન્જસ્ય અને સંબંધો હોવાના સ્પષ્ટ ઉલ્લેખો મળે છે. આ રાજાઓ પૈકી પ્રતિહાર, પરમાર અને આલુક્ય બરાદરીના રાજાઓ ચક્રવર્તીપદે બિરાજ્યા હતા. ઈસવીસન ૫૫૦માં હરીચંદ્ર રાજાના પરાક્રમોથી ગુર્જર દેશ એટલે કે અર્વાચીન મારવાડમાં નવા વિકાસના અધ્યાયના મંડાણ થયા હતા. ઈસવીસન ૭૨૫ની ઉલ્લેખનીય ઘટના એ પણ છે કે, નાગભટ્ટ પહેલાએ તેની અપ્રતીમ આક્રમણશક્તિ વિકસાવી આરબોને પરાસ્ત કરીને પાછા ધકેલી મુક્યા હતાં. ઈતિહાસ નોંધે છે કે, ઐબકે પ્રચંડ તાકાતથી કરેલા આક્રમણોને કારણે ક્ષત્રિયોનો વાવટો સંકેલાઈ ગયો હતો. અલ્લાઉદ્દીન ખીલજીનો દેશવ્યાપી વિધ્વંશકારી સંહાર વેળા ઈસવીસન ૧૧૯૬થી ૧૫૨૫ દરમિયાન ગુર્જર ક્ષત્રિય રાજાઓએ જબરજસ્ત પ્રતિકાર કરી સ્વદેશ રક્ષા અને ધર્મ કાજે કેસરીયા કરી જાન ન્યોયચ્છાવર કરી દીધા હતા.

હયુ-એન-સંગના ભારત પ્રવાસ વર્ણનના ઉલ્લેખો અનુસાર ઈસવીસન ૬૪૧માં આ પ્રદેશની પ્રજા એક સમાન હતી. તેમની ભાષા ગૌર્જરી અપભ્રંશ હતી. એ રાજવીઓના વંશજો આજે રાજપૂતાના, ગુજરાત અને માળવાના રહીશો છે. 'ગુર્જર' શબ્દની ઉત્પતી અને અર્થની સ્પષ્ટતા જરૂરી છે. અર્વાચીન ગુજરાત અને ચાલુક્યોની ગૂર્જરભૂમિ ભૌગોલિક રીતે એક નથી. અર્વાચીન ગુજરાત અને ચાલુક્ય યુગનું ગુજરાત આ બન્ને ઐતિહાસિક અને ભૌગોલિક દ્રષ્ટિએ ગુર્જર દેશથી અલગ હોવાનું કનૈયાલાલ મુનશી તેમના 'ચક્રવર્તી ગુર્જરો' ગ્રંથમાં નોંધે છે.

ગુજરાત શબ્દ અલગ અલગ અર્થમાં લોકો પ્રાયોજતા હોય છે. સામાન્ય રીતે ગુજરાત શબ્દનો બે અર્થમાં ઉપયોગ થતો જોવા મળ્યો છે. એક તો આબુ પર્વતથી દમણ ગંગા નદી વચ્ચેની કચ્છ, કાઠિયાવાડથી માંડીને મારવાડ અને માળવા સુધીની ભૂમિ. જ્યારે બીજુ જ્યા અર્વાચીન ગુજરાતી બોલાય છે એ ભાષા ક્ષેત્ર. આ બીજુ ક્ષેત્ર પહેલા દર્શાવેલા પ્રદેશ કરતા ઘણુ વિશાળ છે. ભાષા ક્ષેત્રની સરહદ ઉત્તરમાં શિરોહી તથા મારવાડને સ્પર્ષે છે. જેમાં કચ્છ, સિંધના થર અને પારકર, અરવલ્લીની ગીરીમાળા, પાલનપુર, ભિલોડી, ધરમપુર પૂર્વેના સરહદોને પાર છે.

કે. એમ. મુનશીજી લખે છે કે, અર્બુદાચલ અને શ્રીમાલ કે ભિલ્લમાલ નગર ઈતિહાસમાં કોઈ કાળે ગુર્જરદેશ કે આજે ગુજરાત તરીકે ઓળખતા પ્રદેશની બહાર ન હતા. ગુજરાત, ગુર્જરદેશ એક નથી. ઈસવીસનની છઠ્ઠી સદીમાં 'ગુર્જર' શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ થયો હતો. ભિલ્લમાલ એની રાજધાની હતી. એની દક્ષિણ સરહદ સરસ્વતી નદીની આસપાસ ક્યાંક હોવાનું માનવામાં આવે છે. ત્યાં સમય જતા પાટણ બન્યું. ઉત્તરે એની સીમા જોધપુરથી પણ આગળ હતી. નાસિક્ય કે જે આજે નાસિક કહેવાય છે એ તથા વલસાડથી ભરૂચનો પ્રદેશ તેમાં આવતો. અત્યારે વડોદરા કહેવાય છે એ પ્રદેશ ત્યારે માલવ કહેવાતો એ પણ ગુર્જર દેશમાં હતો.

ગુર્જરદેશમાં આવેલા મહી અને સાબરમતી નદી વચ્ચેના આજના ખેડાને તે વખતે ખેટક પ્રદેશ કહેવાતો. એ વખતે અમદાવાદને આશાપલ્લી પ્રદેશ કહેવાતો. એનું પાટનગર આનંદપુર એટલે કે વડનગર હતું. અત્યારે જેને માળવા કહેવાય છે તે સમયે આ પ્રદેશ અવન્તિ તરીકે ઓળખાતો હતો. આજનું કચ્છ ત્યારે પણ કચ્છ વિસ્તાર જ કહેવાતો હતો. ગુર્જર દેશની પાયાની વાસ્તવિકતા એ હતી કે તેના વિવિધ ક્ષેત્રો જેને આજે ગુજરાત, રાજસ્થાન અને માળવા કહીએ છીએ એ પ્રદેશમાં રહેનારા લોકોની ભાષા અને રહન સહન એક સરખા જ હતા.

આજના ઈતિહાસવિદો પહેલાના ચક્રવર્તી ગુર્જર વંશજોને કનોજના પ્રતિહારો નામ આપે છે. આ પ્રતિહારો ગુર્જરદેશને તેમનું વતન ગણતા. એટલે જ એ ગુર્જરો કહેવાયા. મિહિરભોજ પ્રતાપી ગુર્જર ચક્રવર્તીએ પશ્ચિમે પંજાબમાં આવેલા પૃથૃદકથી જોધપુર, આબુ, સરસ્વતીના ઉદગમ સ્થાન અને વઢવાણ સુધ્ધી એના સામ્રાજ્યના વિસ્તાર કરેલો. અર્વાચીન માળવાનો મોટો ભાગ ગુર્જર દેશ તરીકે ઓળખાતો હતો. ઈસવીસન ૯૧૫ અને ૯૪૦માં રાષ્ટ્રકુટોના આક્રમણ બાદ પ્રતિહારોનો ગુર્જર દેશ તુટી ગયો. એકચક્રી સમ્રાટોનો ગુર્જર દેશ નાના નાના રાજાઓના રજવાડામાં વિખેરાઈ ગયો.

ઈતિહાસકારો એવો પણ ઉલ્લેખ કરે છે કે જ્યારે ગુર્જરદેશના પહેલા શાસકો તેના ચરમ ઉપર હતા ત્યારે કનોજની આજુબાજુનો વિસ્તાર, કાશીની આસપાસનું ક્ષેત્રે, બુંદેલખંડ, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોનો એમા સમાવેશ થતો હતો. અર્વાચીન માળવામા, ખેટક મંડલ અને લાટના કેટલાક ભાગ ઉપર રાજ કરનારા પરમાર રાજાઓ ગુર્જર કહેવાતા. જોકે પાટણના રાજથી મૂલરાજને ગુર્જરેશ્વરનું સન્માનીય નામ ઉપલબ્ધ થયું હતું.

ચીની પ્રવાસી હયુ-એન-સંગે ઈસવીસન ૬૨૧માં આ પ્રદેશની યાત્રા કરી હતી. હયુ-એન-સંગ નોંધે છે કે, પશ્ચિમ ભારતના દક્ષિણથી ઉત્તર તરફના ક્રમમાં પ્રથમ મહારાષ્ટ્ર પછી ભૃગુકચ્છ ત્યારબાદ માલવ એટલે કે નર્મદા અને મહી વચ્ચેનો પ્રદેશ અને અર્વાચીન માળવાનો વિસ્તાર આવે છે. એના પછી ખેટક, આશાપલ્લી, વલાખી સૌરાષ્ટ્ર, આનર્ત ગુર્જર અને ઉજ્જૈની આવે છે.

પંચતંત્રમાં પણ ગુર્જર દેશનો નામોલ્લેખ જોવા મળે છે. ઈસવીસન ૭૭૮માં 'કુવલપમાલા'એ પણ ગુર્જરદેશ અને ગુર્જર પ્રજા વિશે લખ્યું છે. ત્યારબાદ ઈસવીસન ૭૮૩-૪માં જિનસેન વઢવાણમાં જૈન હરિવંશ લખે છે કે, નગરની પૂર્વ તરફના વિસ્તારમાં અવન્તિના રાજા વત્સનું રાજ્ય હતું. એમના મતે આ ગુર્જરપ્રદેશ હોઈ શકે.

પ્રતિહારો, પરમારો અને ચાલુક્યો આ ત્રણ પ્રતાપી વંશજોનો ઉલ્લેખ ગુર્જરપ્રદેશમાં જોવા મળે છે. આ ત્રણેયમાં અલગ અલગ વિશેષતાઓ હતી. પ્રતિહારો શુરવીર યોદ્ધા, રાજનીતિજ્ઞ અને દીર્ઘદ્રષ્ટા હતા અને અદભૂત વ્યવસ્થા શક્તિ ધરાવતા હતા. પરમાર રાજવીઓ મનમૌજી અને ઉદાર દાનવીરો હતા. પરમાર વંશજ સંસ્કારી અને શિક્ષિત – દિક્ષિત હતા. ચાલુક્યો અડગ નિશ્ચયવાળા, કુનેહબાજ અને વિપરીત પરિસ્થિતિમાં પણ ન ડગે એવા હતા. ગુર્જરદેશના પરાક્રમી વંશજો અને સમાન ભાષા બોલતી ગુર્જર પ્રજાનો ઐતિહાસિક વારસો ગૌરવશાળી અને પ્રભાવશાળી રહ્યો છે.